RAN-2401001202050002

# RAN-2401001202050002

## F.Y.B.A. (Sem.- II) Examination April - 2026

## Gujarati (Paper - AEC-II) Gujarati Proficiency and Life Skills

**Time: 1 Hour ]** **[ Total Marks: 25**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

Seat No.:

Student's Signature

**પ્ર.1. ટૂંકા પ્રશ્નોના જવાબ આપો. (કોઈ પણ પાંચ)** **10**

1. કોશના કોઈપણ બે ઉપયોગો જણાવો.
2. કોશના પ્રકારો જણાવો.
3. ગદ્ય સમીક્ષા કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.
4. કહેવત અને રૂઢિપ્રયોગ વચ્ચેની વિશિષ્ટતા જણાવો.
5. વિરુદ્ધાર્થી બે કહેવત લખો.
6. ગદ્યખંડનું શીર્ષક કેવું હોવું જોઈએ.
7. રૂઢિપ્રયોગનું પ્રયોજન જણાવો.

**પ્ર.2. અ. રૂઢિપ્રયોગના અર્થ આપી સમજાવો. (કોઈ પણ પાંચ)** **5**

1. અબોલા લેવા
2. કાગારોળ કરવી.
3. ચીલે ચીલે ચાલવું
4. જમણો હાથ હોવો
5. ટોપી પહેરાવવી
6. તમાશો જોવો
7. દાંત કરડવા
8. ધજા ઉડાવવી
9. નજર ન પહોંચવી.
10. નમતો દિવસ થવો

**પ્ર.2. બ. કહેવતોનો અર્થ આપી સમજાવો.(કોઈ પણ પાંચ)** **5**

1. ખાડો ખોદે તે પડે
2. ઓળખાણ મોટીખાણ છે.
3. જાગ્યા ત્યાંથી સવાર
4. તરણા ઓથે ડુંગર
5. મોરના ઈંડા ચીતરવા ન પડે.
6. સંગ તેવો રંગ.
7. ધીરજના ફળ મીઠા
8. બોલે તેના બોર વેચાય
9. લગ્નના ગીત લગનેજ ગવાય
10. હીરાની પરખ ઝવેરી જ જાણે

પ્ર.2. ક. કોશની વ્યાખ્યા આપી, કોઈ પણ બે કોશ વિશે સમજૂતી આપો. 5

**અથવા**

**પ્ર.2. ક. નીચે આપેલ ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા. મનુષ્ય જ નહિ પરંતુ પશુપક્ષી, કૃમિકીટ આદિ તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણા દેશમાં પશુપક્ષીઓને ન મારવાં અને બનતાં સુધી કૃમિકીટોને પણ બચાવી લેવાં એટલો જ અહિંસાનો અર્થ માનવામાં આવતો હતો. કોઈનું ખૂન કરવું એ તો હિંસા છે જ પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુદ્ધ વગેરે હિંસાનાં ભયાનક રૂપો પ્રગટ થાય છે. પોતાનાં સુખ, આરામ અને ફાયદાને માટે બીજાનાં સુખ, આરામ અને હિત પ્રત્યે બેદરકામ બનવું એ છે રોજની હિંસા. એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળી જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું? એને કાચી રોટલી આપીને મેં પોતાને માટે પાકી રોટલી તો નથી લીધી? પોતાની જાત ચોરીને બીજા ઉપર કામનો બોજો તો નથી નાખ્યો? પોતાના પાડોશીને બીમાર જોયા છતાંય તેની સેવાને માટે જવાનું મેં ટાળ્યું તો નથી? આ બધાં હિંસાનાં લક્ષણ છે. જેટલા જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેમના પ્રત્યે સ્વભાવથી જ નાજુક ખ્યાલ રાખવો એ અહિંસાનું સાચું સ્વરૂપ છે. પોતાના નિત્યના વર્તનમાં જો આપણે સ્વભાવથી જ અહિંસાનું પાલન કરતા રહીશું, તો જ કસોટીને વખતે આપણાથી અહિંસાનું પાલન થઈ શકશે.

– કાકા કાલેલકર

પ્રશ્નો :

1. સામાન્ય માણસ અહિંસાનો શો અર્થ કરે છે?
2. લેખકના મતે હિંસાનો શો અર્થ છે?
3. નિત્ય જીવનમાં માનવી ક્યાં ક્યાં હિંસા કરી બેસે છે?
4. અહિંસાનું નિત્ય પાલન થઈ શકે તે માટે કઈ રીતે જીવન ઘડવું જોઈએ?
5. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

---